# વડોદરામાં ભાજપનું ‘શાસન’ અકબંધ: 19 માંથી 15 વોર્ડમાં પેનલ ટુ પેનલ કેસરીયો લહેરાયો
















### ભાજપની કારમી હાર થતાં જિલ્લા પ્રમુખ ડો. બી.જે. બ્રહ્મભટ્ટની આબરૂના ધજાગરા ઊડ્યા, જીતના દાવા પોકળ

# ડભોઈમાં જ ભાજપે નગરપાલિકા ગુમાવી

## 36માંથી 21 બેઠકો સાથે નગરપાલિકામાં કોંગ્રેસની સ્પષ્ટ બહુમતી, ભાજપ 15 બેઠકો સુધી સીમિત

જિલ્લા ભાજપનું સંગઠન તમામ મોરચે નિષ્ફળ પરંતુ પ્રભારી ડો. ઋત્વિક પટેલની મહેનતના કારણે જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ભાજપે સફળતા મેળવી

(પ્રતિનિધિ) ડભોઇ તા.28

ડભોઇ નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો માટે યોજાયેલી ચૂંટણીના પરિણામોમાં મિશ્ર રાજકીય ચિત્ર સામે આવ્યું છે. નગરપાલિકામાં કોંગ્રેસે 36માંથી 21 બેઠકો જીતતા સ્પષ્ટ બહુમતી મેળવી સત્તા કબજે કરી છે, જ્યારે ભાજપને 15 બેઠકો સાથે સંતોષ માનવો પડ્યો છે. બીજી તરફ તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકોમાં ભાજપે મજબૂત પ્રદર્શન કરતા પોતાનો દબદબો યથાવત રાખ્યો છે.

નગરપાલિકાની મતગણતરી સરકારી આઈ.ટી.આઈ.ના જૂના બિલ્ડિંગ ખાતે સવારે નવ વાગ્યાથી શરૂ થઈ હતી. વોર્ડવાર મતગણતરી આગળ વધતા કોંગ્રેસે સતત આગવું પ્રદર્શન નોંધાવ્યું હતું અને અંતે ભાજપના શાસનનો અંત આવ્યો હતો.

ચૂંટણીમાં સૌથી મોટો અપસેટ વોર્ડ નં. 02માં નોંધાયો હતો, જ્યાં ભાજપના પાલિકા પ્રમુખ બિરેન શાહ પરાજિત થયા હતા. સાથે જ કોંગ્રેસના દિગ્ગજ ઉમેદવાર સુભાષભાઈ ભોજવાની પણ એ જ વોર્ડમાંથી હારી જતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા સર્જાઈ હતી. તાલુકા પંચાયતની ચર્ચાસ્પદ સાઠોડ બેઠક કોંગ્રેસે જીતતા સ્થાનિક સ્તરે આ પરિણામને વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યું છે.

તાલુકા પંચાયતની કુલ 20 બેઠકોમાંથી ભાજપે 17 બેઠકો જીતી સ્પષ્ટ બહુમતી મેળવી છે, જ્યારે કોંગ્રેસને 3 બેઠકો મળી છે. જિલ્લા પંચાયતની ચારેય બેઠકો પણ ભાજપના ખાતામાં જતા ગ્રામ્ય વિસ્તારમાં ભાજપની મજબૂત પકડ ફરી એકવાર સાબિત થઈ છે.રાજકીય વિશ્લેષણ મુજબ નગરપાલિકામાં ભાજપની હાર પાછળ ઉમેદવારો નહીં પરંતુ છેલ્લા પાંચ વર્ષનો પાલિકાનો વહીવટ મુખ્ય કારણ માનવામાં આવી રહ્યો છે. વેપારીઓમાં અસંતોષ, ફેરિયાઓ અને લારી-ગલ્લાવાળાઓ સામેની કાર્યવાહી, દંડની નીતિ તેમજ સમાવિષ્ટ ચાર ગામોમાં રહેલો છુપો રોષ પરિણામ પર અસરકારક બન્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પરિણામ જાહેર થયા બાદ શહેરમાં ક્યાંક ખુશી તો ક્યાંક ગમનો માહોલ જોવા મળ્યો હતો.

### બૂટની દોરી વડે ફાંસો ખાતા પોલીસની ભૂમિકા પર પ્રશ્નાર્થ

# કુરાલી મર્ડર કેસ : આરોપીની પોલીસ સ્ટેશનમાં આત્મહત્યા

(પ્રતિનિધિ) ડભોઇ તા.28

કરજણ તાલુકાના કુરાલી ગામમાં બનેલા ચકચારી મર્ડર કેસમાં એક અણધાર્યો અને અત્યંત દુઃખદ વળાંક આવ્યો છે, જેણે સમગ્ર પંથકમાં ભારે ચકચાર જગાવી છે. કનકસિંહ ચૌહાણની હત્યાના આરોપસર પકડાયેલા રતિલાલ વસાવાએ પોલીસ સ્ટેશનના લોકઅપમાં જ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા, આ કેસ વધુ ગૂંચવાઈ ગયો છે અને પોલીસની કાર્યપ્રણાલી



પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. પ્રાથમિક તપાસમાં એવું સામે આવ્યું હતું કે, કુરાલી ગામના કનકસિંહ ચૌહાણની હત્યા ગામના જ રતિલાલ વસાવાએ કરી હતી. આરોપી રતિલાલે પોલીસ સમક્ષ ગુનાની કબૂલાત પણ કરી હોવાનું કહેવાય છે. પરંતુ, આ ઘટનાક્રમમાં અચાનક જ એક કરુણ વળાંક આવ્યો. આજે વહેલી સવારે, આરોપી રતિલાલ વસાવાએ કરજણ પોલીસ સ્ટેશનના લોકઅપમાં ગળે ફાંસો ખાઈ લીધો. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો હતો.

### વોર્ડ 14માં અનામત -સામાન્ય બેઠકના સમીકરણ

# ત્રણ મહિલા અને એક પુરુષ કોર્પોરેટર વિજેતા બન્યાં

સૌથી વધુ મત હોય તેને ક્રમશઃ વિજેતા જાહેર કરાય છે તેનો લાભ મહિલા ઉમેદવારને મળ્યો

(પ્રતિનિધિ) ડભોઇ તા.28

વડોદરાના ઈતિહાસમાં સર્વ પ્રથમ વખત સ્થાનિક સ્વરાજની ચૂંટણી 2026માં ચોંકાવનારા પરિણામો જોવા મળ્યા છે. જેમાં ખાસ કરીને પાલિકાના ચૂંટણી વોર્ડ નંબર 14માં જોવા મળ્યું છે. આ વખતે ત્રણ મહિલા અને એક પુરુષ ઉમેદવારનો વિજય થયો છે. જેમાં ભાજપમાંથી દીપિકા પટણી, અંકિતા સોની અને કોંગ્રેસમાંથી તીર્થ બ્રહ્મભટ્ટ અને દીપા શ્રીવાસ્તવની જીત થઈ છે.

પછાત વર્ગ સ્ત્રી બેઠક દીપિકાબેન અને સામાન્ય સ્ત્રી બેઠક પર અંકિતા સોનીની જીત જ્યારે, પછાત વર્ગ બેઠક પર તીર્થ બ્રહ્મભટ્ટ અને સામાન્ય બેઠક પર દીપા શ્રીવાસ્તવ કોર્પોરેટર તરીકે ચૂંટાઈ આવ્યા છે. એક્સપર્ટ શૈલેષ અમીને જણાવ્યું હતું કે, સામાન્યમાં મહિલા સામાન્ય બેઠક પર આવે એટલે એ મહિલા અનામત થઈ,પછી મહિલા પછાત વર્ગ આવે અને ત્રીજી સામાન્ય આદિવાસી આવી એ સામાન્યમાં મહિલા પણ લડી શકે અને પુરુષ પણ લઢી શકે. થર્ડ ઝેન્ડર પણ લડી શકે, ચૂંટણીમાં આ પ્રકારમાં સૌથી પહેલી મત ગણતરી કરે મહિલા પછાત વર્ગની જેમાં તમામ પક્ષના ઉમેદવાર હોય જેમાં સૌથી વધુ વોટ હોય એને જીતેલાની યાદીમાં મુકવામાં આવે છે.

એનાથી ઓછા વોટ વાળા હોય જે ત્રણ કે ચાર વધ્યા એ જે સૌથી નીચે સામાન્ય હોય એની ગણતરીમાં જતા રહે. એવી રીતે સામાન્ય મહિલા માં સૌથી વધુ જેના મત હોય એ મહિલા જીતેલામા જાય,અને એનાથી ઓછા વોટ વાળા હોય એ નીચે સામાન્યમાં આવી ગયા, એવી રીતે સામાન્ય આદિવાસી આવે જીતેલા ઉપર ગયા અને ઓછા વાળા ત્રણ આમાં આવી ગયા એટલે સામાન્ય રહ્યું બધું ભેગું થયું. એમાં જેના વધુ મત હોય એને સામાન્યમાં જીતેલા જાહેર કરવામાં આવે છે. આ ફોર્મ્યુલા વોર્ડ 14માં જોવા મળી છે. આ પરિણામોને કારણે રાજકીય વર્તુળોમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે. આવનારા સમયમાં અન્ય વોર્ડમાં પણ આ પ્રકારની ગણતરી અને પરિણામો જોવા મળશે કે નહીં તે અંગે રાજકીય વિશ્લેષકો નજર રાખી રહ્યા છે.

# કિશનવાડીમાં વુડાના મકાનો નજીક શોર્ટ સર્કિટથી દોડધામ

(પ્રતિનિધિ) ડભોઇ તા.28

શહેરમાં ઉનાળાની શરૂઆતની સાથે જ ગરમીનો પારો સતત વધી રહ્યો છે, જેના કારણે વીજ ઉપકરણો પર ભાર વધતા શોર્ટ સર્કિટના બનાવોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આવી જ એક ભયાનક ઘટના વડોદરાના કિશનવાડી વિસ્તારમાં આવેલા વુડાના મકાનો પાસે સામે આવી છે, જ્યાં વીજ લાઈનમાં અચાનક શોર્ટ સર્કિટ થતા આસપાસના રહીશોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

કિશનવાડી વિસ્તારમાં વુડાના આવાસો પાસે પસાર થતી વીજ લાઈનમાં અચાનક જોરદાર ધડાકા સાથે શોર્ટ સર્કિટ થયો હતો. જોતજોતામાં વીજ થાંભલા પરથી આગના તણખા નીચે પડવા લાગ્યા હતા, જેના કારણે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ થંભી ગયા હતા. શોર્ટ સર્કિટનો આ બનાવ એટલો ભયાનક હતો કે તેનો અવાજ દૂર સુધી સંભળાયો હતો અને વીજળીના લબકારા જોઈને લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

### પોલીસની હાજરીથી પરિસ્થિતિ કાબૂમાં

# દશરથ ગામ પાસે ભાજપ-કોંગ્રેસ કાર્યકર્તાઓ આમને-સામને થયાં

(પ્રતિનિધિ) ડભોઇ તા.28

વડોદરા શહેર અને જિલ્લામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ 28 એપ્રિલે મતગણતરી દરમિયાન દશરથ ગામ પાસે ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ વચ્ચે તણાવ સર્જાતા થોડીવાર માટે હંગામો મચ્યો હતો. બે પક્ષના કાર્યકર્તાઓ સામસામે છુટા હાથની મારામારી કરતા હોય તેવો વિડિયો વાયરલ થયો હતો. પોલીસના સમયસર હસ્તક્ષેપથી મામલો શાંત કરવામાં આવ્યો હતો. વડોદરા શહેર અને જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયા બાદ આજે 28 એપ્રિલના રોજ સવારથી જ મતગણતરી શરૂ કરવામાં આવી હતી. મતગણતરી કેન્દ્રો પર વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો અને તેમના સમર્થકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પરિણામ જાહેર થતાની સાથે જ વિજેતા ઉમેદવારોના સમર્થકોમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો અને સ્થળે જ ઉજવણી શરૂ થઈ ગઈ હતી. આ દરમિયાન વડોદરા જિલ્લાના દશરથ ગામ મતગણતરી કેન્દ્ર ખાતે ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ



વચ્ચે અચાનક તણાવ સર્જાયો હતો. પ્રાથમિક માહિતી મુજબ કોઈ સામાન્ય બાબતે બોલાચાલી થતા વાત વધતી ગઈ અને બંને પક્ષના કાર્યકર્તાઓ આમને-સામને આવી ગયા હતા. આ દરમિયાન બંને પક્ષના કાર્યકર્તાઓ વચ્ચે ધક્કામુક્કી અને મારામારી પણ થઈ હોવાની માહિતી સામે આવી રહી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ તુરંત સક્રિય બની અને બંને પક્ષોને અલગ કરી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસની સતર્કતા અને હાજરીના કારણે વાત વધુ ઉગ્ર બનતા અટકાવી શકાઈ હતી. હાલ સ્થિતિ સંપૂર્ણપણે કાબૂમાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

## વડોદરા મહાનગર પાલિકા મતગણતરીની સાથે સાથે

# વડોદરામાં ‘કભી ખુશી કભી ગમ’: ભાજપના નેતાઓ વિજય સરઘસ છોડી મહામંત્રીના ઘરે સાંત્વના આપવા દોડ્યા

વડોદરા : વડોદરામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ઐતિહાસિક વિજય બાદ ભાજપ દ્વારા સયાજીગંજ વિસ્તારમાં ભવ્ય વિજય સરઘસનું આયોજન કરવામાં આવ્યું હતું. એક તરફ કાર્યકરો જીતના ઉત્સાહમાં તરબોળ હતા, ત્યાં જ બીજી તરફ ભાજપના શહેર મહામંત્રી લકુલેશ ત્રિવેદીના માતૃશ્રીના અવસાનના દુઃખદ સમાચાર આવતા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. આ સમાચાર મળતા જ વિજય સરઘસની રૌનક ઓસરી ગઈ હતી અને અનેક વરિષ્ઠ નેતાઓ સરઘસ છોડીને શોકતુર પરિવારને સાંત્વના આપવા તેમના નિવાસ્થાને દોડી ગયા હતા. ભાજપના વિજય ઉત્સવની વચ્ચે મહામંત્રીના પરિવાર પર આવી પડેલા આ વજ્રઘાતને કારણે પક્ષના હોદ્દેદારો અને નેતાઓ શ્રદ્ધાંજલિ અર્પણ કરવા ઉમટી પડ્યા હતા, જેના કારણે વિજયનો ઉલ્લાસ ગમગીનીમાં ફેરવાયો હતો.

# વોર્ડ નંબર 13માં ભાજપનો ‘માસ્ટરસ્ટ્રોક’: બાળુ સુર્વેનો પરાજય

વડોદરા : વડોદરાના વોર્ડ નંબર 13માં બે દાયકા જૂનો ઈતિહાસ બદલાયો છે, જ્યાં પ્રજાએ ભાજપની આખેઆખી પેનલ પર પસંદગી ઉતારીને કોંગ્રેસના કદાવર નેતા અને પૂર્વ કોર્પોરેટર બાળુ સુર્વેને કારમો પરાજય આપ્યો છે. છેલ્લા બે ટર્મથી ભાજપ સામે અડીખમ જીતતા આવતા અને ગ્રાઉન્ડ લેવલના નેતા ગણાતા બાળુ સુર્વેને સ્થાનિક નાગરિકોએ આ વખતે જાકારો આપતા તેઓ અંદાજે 600 મતોથી હાર્યા છે. આ બેઠક પર ભાજપના ગીતા મકવાણા, નિધિ નીતિન પટેલ, ગોપાલ ગોહિલ અને શૈલેન્દ્રસિંહ ઠાકોરની આખી પેનલ વિજેતા બની છે. છેલ્લા 20 વર્ષથી આ વોર્ડમાં ભાજપ ક્યારેય સંપૂર્ણ પેનલ સાથે જીત મેળવી શક્યું નહોતું, પરંતુ 2026ની આ ચૂંટણીમાં મતદારોએ તમામ સમીકરણો ઉલટાવી નાખીને ભાજપનો કેસરીયો લહેરાવ્યો છે.

# વિરોધના વંટોળ વચ્ચે ભાજપનો વિજયી હુંકાર: દિગ્ગજો ધરાશાયી

વડોદરામાં ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપ સામે જોવા મળેલો ભારે જનઆક્રોશ પરિણામના દિવસે જાણે ઓગળી ગયો હોય તેમ કેસરીયો લહેરાયો છે. આ ચૂંટણીમાં સૌથી ચોંકાવનારો ઉલટફેર કોંગ્રેસના કદાવર નેતા બાળુ સુર્વે અને દિગ્ગજ મહિલા નેતા અમી રાવતની હાર સાથે જોવા મળ્યો છે, જેમના પરાજયે વિપક્ષી છાવણીમાં સોપો પાડી દીધો છે. બીજી તરફ, વોર્ડ નંબર 13માં પ્રબળ વિરોધ છતાં પ્રખ્યાત ગરબા ગાયિકા નિધિ પટેલે ભવ્ય વિજય મેળવીને સૌને અચરજમાં મૂકી દીધા છે. ભાજપે જેમના પિતા નીતિન પટેલને છેલ્લા 10 વર્ષથી સાઈડલાઈન કરી દીધા હતા, તેમની જ દીકરી નિધિએ પક્ષના વિશ્વાસ પર ખરા ઉતરી પિતાનું વર્ષોનું સપનું સાકાર કર્યું છે. પિતાના સંઘર્ષને વિજયમાં પરિવર્તિત કરી નિધિએ આ જીત તેમને અર્પણ કરતા રાજકારણમાં એક ભાવુક ક્ષણ પણ જોવા મળી છે.